# Day to Day Current Affairs

11 April-2015

૧) **હૃષિકેશ મુલગાંવકર:** ભારતીય હવાઇદળના ભૂતપૂર્વ વડા હૃષિકેશ મુલગાંવકરાનું અવસાન થયું. મુલગાંવકર 1954માં મિગ વિમાન ઉડાવનાર દેશના પહેલા પાઇલટ હતાં

૨) **રીચી બેનો :** પૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને ટીવી કોમેન્ટેટર' વોઇસ ઓફ ક્રિકેટ' રીચી બેનોનું 84 વર્ષની વયે ઉંઘમાં જ અવસાન થયું. બેનોની કેપ્ટન્સી હેઠળ ઑસ્ટ્રેલિયા એક પણ શ્રેણી હાર્યું ન હતું ટેસ્ટ ક્રિકેટમાં 2000 રન અને 200 વિકેટ લેનાર બેનો સૌપ્રથમ ક્રિકેટર છે.

3) **મઇલસ્વામી અન્નાદુરાઇ :** તાજેતરમાં મઇલસ્વામીને ઇસરોના બેંગ્લોર સેંટરના પ્રમુખ બનાવવામાં આવ્યા છે

૪) **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી- વિદેશ પ્રવાસ :** 3 દેશ ફ્રાંસ, જર્મની, અને કેનેડાના પ્રવાસ અંતર્ગત ફ્રાંસમાં ભારત- ફ્રાંસ વચ્ચે 36 રફાલ વિમાન ડિલ સહિત 17 કરાર પર હસ્તાક્ષર થયા.ફ્રાંસના રાષ્ટ્રપતિ : ફ્રેન્કોઇસ હોલાન્દ.

૫) **ગિફ્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત આઇએફેસસીનું લૉંસીગ :** કેન્દ્રના નાણાપ્રધાન અરુણ જેટલીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગિફ્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સેન્ટર(આઇએફેસસી)નું લૉન્ચિગ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સેબીના ચેરમેન યુ.કે.સિંહ તથા ઇરડાના ચેરમેન ટી.એસ.વિજય પણ ઉપસ્થિત રહ્યા હતાં.

૬) **11 એપ્રિલ :** જનની સુરક્ષા દિવસ. જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ સરકારી દવાખાનાઓમાં સિઝેરીયન સેકશન સહીત મફત પ્રસવનો પ્રાવધાન છે. ઘરથી દવાખાનાની વચ્ચે આવવા –જવા માટે સંપૂર્ણ મફત પરિવહન, નિદાન, દવાઓ, જમવાનું અન્ય ખર્ચા અને જો જરૂરી હોય તો લોહી પણ સમેલ છે. આ યોજનામાં હવે 1 વર્ષ સુધીની વયના બિમાર બાળકોનો પણ સમાવેશ કરેલ છે.

૭) **સંયુકત રાષ્ટ્ર સંઘની ચાર મહત્વની સમિતિઓમાં ભારતને સ્થાન મળ્યું.** વૈશ્વિક સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં એની ચાર મહત્વની પેટા સમિતિઓમાં ભારત ચુંટાઇ આવ્યું હતું. આ ચાર પેટા સમિતિ નીચે મુજબ છે. ૧. યુએનની આર્થિક અને સામાજિક બાબતોની મેનેજમેન્ટ અને સંકલન ૨. વિશ્વ અન્ન કાર્યક્રમની કારોબારી સમિતિ. ૩. અપરાધ નિવારણ અને અપરાધ ન્યાય કમિશન. ૪. યુનિસેફ

www.vivekanandacademy.org